Presented on : 17-05-2025
Registered on : 17-05-2025
Decided on : 16-03-2026
Duration : 0years,10months,0 days

**મે. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.નેત્રંગ.**

ફોજદારી કેસ નં.૪૪૨/૨૦૨૫

આંક :

**ફરીયાદી** : શ્રી સરકાર

વિરૂધ્ધ

**આરોપી :** (૧). પ્રતિકભાઈ ઉર્ફે પકો ચંન્દસીંગભાઈ વસાવા
રહે.કોચબાર નિશાળ,તા.નેત્રંગ,જી.ભરૂચ.

**ગુન્હો : પ્રોહી.એકટની કલમ–૬૫ (એ),(એ),૮૧મુજબ**

---

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી પી.આર.ચૌધરી.
આરોપીઓ તરફે વિ.વ.શ્રી એસ.એફ.વસાવા

---

**–: ચુકાદો :–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે,આ કામના આરોપી તા. ૧૨/૦૭/૨૦૨૨ના કલાક: ૧૮/૧૫ વાગે મોજે ગામ કોચબાર ગામે તમોના ઘરની પાછળ નાવણીયાની ઓથમાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટનો વિદેશી દારૂની પ્લાસ્ટીકની ૧૮૦ મીલીની બોટલ નંગ ૭ કુલ કિં. ૩.૭૦૦/– નો પ્રોહી મુદ્દામાલ વેચાણ કરવાના ઈરાદે રાખી પકડાઈ જઈ તેમજ સદર મુદ્દામાલ રંગેશભાઈ ઉર્ફે રંગો મીરાભાઈ વસાવા, રહે. બેબાર

ગામ,તા.ડેડીયાપાડા, જી.નર્મદાનાઓએ લઇ આવી તમો તહમોતદારનાઓને વેચાણ કરવાના ઈરાદે આપી એકબીજાની મદદગારી કરી,પ્રોહીબીશન એકટની કલમ- ૬૫(એ),(એ),૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગેની ફરીયાદ દાખલ કરેલી છે. તપાસ કરનાર અધિકારી દવારા તપાસના અંતે આરોપી વિરુઘ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**(૨)** સદર ગુનાના કામે ચાર્જશીટ રજુ થતાં આરોપીઓ વિરુઘ્ધ ફરમાવેલ ગુનાના તહોમત અંગે કોગ્નીજન્સ લઈ, આરોપીઓ સામે સમન્સ ઈશ્યુ કરવામાં આવેલ, જેની ધોરણસર બજવણી થઈ ગયેલ છે. જે અન્વયે આરોપીઓ તેમના વિ.વકીલ શ્રી મારફતે હાજર થતાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિનામુલ્યે પુરી પાડવામાં આવેલી. તેમજ આરોપીઓ વિરુઘ્ધ આંક–૦૪ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ. જે તહોમતનામાની વિગત આરોપીઓને વાંચી, સંભળાવી, સમજાવી પુછતાં, આરોપીઓએ તેમના આંક–૦૫થી પ્રાથમિક નિવેદનમાં ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરી, પોતે ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરવા માંગતા હોવાની હકીકત જણાવતાં હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલી.

**(૩)** ફરીયાદપક્ષ તરફે આ કામે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**:: મૌખિક પુરાવો ::**

(૧) આંક–૦૮ પંચ સાહેદ બકુભાઈ મથુરભાઈ વસાવાની જુબાની

(૨) આંક–૧૨ ફરીયાદી જેસલભાઈ ડાહયાભાઈ વસાવાની જુબાની

(૩) આંક–૧૦ પંચ સાહેદ મથુરભાઈ ભટુભાઈ વસાવાની જુબાની

**<u>:: દસ્તાવેજી પુરાવો ::</u>**

(૧) આંક–૦૯ ગુનાવાળી જગ્યાનું પંચનામું

(૨) આંક–૧૩ ફરીયાદ

**(૪)** ઉપરોકત પુરાવા બાદ વિ.એ.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયેલાનું જાહેર કરેલ છે. ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાના આધારે ક્રિ.પો.કોડ ની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોધવામાં આવેલ છે. જેમાં તેઓ તદન નિર્દોષ છીએ અને અમોએ આવો કોઈ ગુનો કરેલ ન હોઈ દયા કરી છોડી મુકવા અરજ છે. ત્યાર બાદ બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની મૌખિક દલીલો સાંભળી.

**(૫)** હાલના કામે રજુ થયેલ તમામ પુરાવોના આધીન કેસના આખરી નિકાલ સારુ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**<u>–: મુદ્દાઓ :–</u>**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપી તા. ૧૨/૦૭/૨૦૨૨ના કલાક: ૧૮/૧૫ વાગે મોજે ગામ કોચબાર ગામે તમોના ઘરની પાછળ નાવણીયાની ઓથમાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટનો વિદેશી દારૂની પ્લાસ્ટીકની ૧૮૦ મીલીની બોટલ નંગ ૭ કુલ કિં. રૂ.૭૦૦/– નો પ્રોહી મુદ્દામાલ વેચાણ કરવાના ઈરાદે રાખી પકડાઈ જઈ તેમજ સદર મુદ્દામાલ રંગેશભાઈ ઉર્ફે રંગો મીરાભાઈ વસાવા, રહે. બેબાર ગામ,તા.ડેડીયાપાડા, જી.નર્મદાનાઓએ લઈ આવી તમો તહમોતદારનાઓને વેચાણ કરવાના ઈરાદે આપી એકબીજાની મદદગારી કરી,પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ),(એ),૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલત ની હકુમત માં કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દા અંગેના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**<u>-: કારણો :-</u>**

**<u>મુદ્દા નંબર-૧ :-</u>**

(૮) ફરીયાદપક્ષ તરફે આરોપીઓ સામેના આક્ષેપિત ગુન્હાની હકીકતો પુરવાર કરવા માટે આ કામે આંક-૦૮ થી પંચ સાહેદ બકુભાઈ મથુરભાઈ વસાવાને તથા આંક-૧૦ થી પંચ સાહેદ મથુરભાઈ ભટુભાઈ વસાવાને સોગંદ પર તપાસવામાં આવેલા છે.આ કામે પંચ સાહેદોએ તેમની જુબાનીમાં પોલીસે તૈયાર પંચનામામાં તેઓની સહી કરાવેલી. પોલીસ સાથે કોઈ પ્રોહી રેઈડમાં જવાનુ બનેલ નથી.તેઓએ આંક-૦૯થી રજુ પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવી આ સિવાય તેઓ બીજુ કાંઈ જાણતા નથી.તેવી હકીકત જણાવી પંચનામા ને સમર્થન કરેલ નથી. તેમજ પોતાની સરતપાસમાં પંચનામાની સમગ્ર હકીકતો નો ઈન્કાર કરેલ છે. વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ઉપરોકત પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા તે મંજુર કરવામાં આવેલ આમ છતાં પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન થાય તેઓ કોઈ પુરાવો રજુ રાખતા નથી. સદર પંચની આરોપી પક્ષે ઉ.ત. કરવામાં આવેલ છે. તેમા સ્વીકાર કરેલ છે કે,તૈયાર પંચનામામાં સહી કર્યા સિવાય બીજી કોઈ હકીકત તેઓ જાણતા નથી.

સદર પંચો ગુનાવાળી જગ્યા અંગેના પંચનામાના પંચ સાહેદો છે. જેઓ ને ફરીયાદપક્ષે ફરી ગયેલ જાહેર કરેલ છે. ફરી ગયેલ સાક્ષી

માટે ના.સુપ્રિમ કોર્ટે સતપોલ વિરુધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેટીવ(AIR 1976 SC 294) માં પ્રસ્થાપિત કરેલ છે કે, ફરી ગયેલ સાક્ષીનો પુરાવો સંપૂર્ણ વ્યર્થ નથી. વળી ગુરાસીહ વિરુધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન (AIR 2001 SC 330) માં નામ. સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, ફોજદારી કાર્યવાહીમાં જયારે સાક્ષીને ફરી ગયેલ જાહેર કરી ફરીયાદપક્ષ ધ્વારા પોતાના સાક્ષીની ઉલટ તપાસ કરવામાં આવે ત્યારે સામાન્ય નિયમ તરીકે તેનો પુરાવો નકારવાનો નથી. અદાલત માટે એ ખુલ્લુ છે કે, દરેક કેસની હકીકત અનુસાર સદર ઉલટ તપાસ અને વિરોધાભાસ સાક્ષીની વિશ્વસનીયતા ગુમાવે છે કે કોઈ બાબતે તેના પર આધાર રાખી શકાય છે કે કેમ? અત્રેના કેસમાં ફરીયાદપક્ષ ધ્વારા સદર પંચો ની ઉલટ તપાસ કરવામાં આવેલ. પરંતુ ફરીયાદપક્ષ સદર કોઈ ફળદાયી વિગતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તે સંજોગોમાં સદર પંચો ના પુરાવા ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

(૯) આ કામે આંક–૧૨થી ફરીયાદી જેસલભાઈ ડાહ્યાભાઈ વસાવાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.જેમાં તેઓ જણાવેલ છે કે, તા.૧૨/૦૭/૨૦૨૨ના રોજ હું નેત્રંગ પોલીસ સ્ટેશને પોતાની ફરજ ઉપર હાજર હતા તે દિવસે હું તથા અ.હે.કો. પ્રદિપભાઈ હર્ષદભાઈ તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો સાથે મોવી બીટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમીદારથી બાતમી મળેલ કે કોચબાર નિશાળ ફળિયામાં રહેતા પ્રતિકભાઈ ઉર્ફે પકો ચંદ્રસિંગભાઈ વસાવાનાઓ પોતાના ઘરની પાછળ આવેલ નાવણીયાની ઓથમાં ભારતીય બનાવટના વિદેશી દારૂ સંતાડી રાખેલ છે.સદર બાતમી આધારે બે પંચોના માણસો ૧.બકુભાઈ મથુરભાઈ વસાવા તથા ૨. મથુરભાઈ ભટુભાઈ વસાવાનાઓને બોલાવી બાતમીવાળી જગ્યાએ જઈ તપાસ કરતાં સદર જગ્યાએ એક ઈસમ પ્રતિકભાઈ ઉર્ફે પકો ચં

ન્દ્રસિંગભાઈ વસાવા હાજર મળી આવેલ જેથી તેને સાથે રાખી તપાસ કરતા ઘરની પાછળ નાવણીયાની ઓથમાં એક કાપડની થેલીમાં વિદેશી દારૂની બોટલ નંગ–૦૭ જેની કિંમત રૂ. ૭૦૦/– નો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ જે મુદ્દામાલમાંથી બ્રાન્ડવાઈઝ સેમ્પલ તથા કન્ટ્રોલ સેમ્પલ માટે એક એક નંગ બોટલ કાઢી લઈ તે અંગને વિગતવારનું પંચનામું કલાક ૧૭/૩૦ થી કલાક ૧૮/૧૫ સુધીનું અ.હે.કો પ્રદિપભાઈ હર્ષદભાઈનાઓએ કરી પંચનામાની વિગતે પ્રોહી મુદ્દામાલ વધુ તપાસ અર્થે કબજે કરેલ ત્યારબાદ સદર ગુનાના કામે તેઓએ ફરીયાદ આપેલ. તેઓને સદર ફરીયાદ બતાવવામાં આવતા જેમાં ફરીયાદી તરીકેની પોતાની સહી ઓળખી બતાવતા સદર ફરીયાદ આંક–૧૩ થી રજુ છે. ત્યારબાદ સદર ગુનાની તપાસ અ.હે.કો. પ્રદિપભાઈ હર્ષદભાઈનાઓને સંભાળેલ અને તપાસ સંભાળી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ આરોપીને જોયેથી ઓળખી શકુ તેમ જણાવેલ છે..આરોપી આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી.

સદર સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે બાતમી અંગેની કોઈ નોંધ સ્ટેશન ડાયરીમાં કરેલ નથી.એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા વસ્તીવાળા ગામ માં આવેલી છે તથા તે નેત્રંગથી ૦૮ કિ.મી દુર અંતરીયાળ ગામ છે. એ વાત ખરી છે કે ફરીયાદમાં ખાનગી વાહન કયુ હતુ તથા તેનો નંબર શુ હતો તે જણાવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી કોઇ મુદ્દામાલ મળી ન આવેલ હોવા છતા આરોપી વિરૂધ્ધ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે આરોપીને ખોટી રીતે સંડોવી કામગીરી બતાવવા ખોટી ફરીયાદ આપેલ છે.

(૧૦) આ કામે તપાસાયેલ એકમાત્ર તપાસ કરનાર ફરીયાદી એ પોલીસના માણસ હોઈ સ્વાભાવીક રીતે ફરીયાદને સમર્થન કરે તેમજ કેસ પુરવાર કરવામાં રસ હોઈ શકે પરંતુ તેઓની જુબાનીને આ કામે તપાસવામાં આવેલ સ્વતંત્ર પંચ સાહેદોની જુબાનીથી હાલના કામના આરોપી પાસેથી કહેવાતો મુદામાલ કબજે કરવામા આવેલાનું પણ સમર્થન મળેલ નથી. વધુમાં આ કામે પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ ત્રાહિત વ્યકિતના નિવેદન લીધેલ નથી. આમ ફરીયાદપક્ષ આ કામે સ્વતંત્ર સાહેદની તથા પંચોની જુબાનીથી ફરીયાદ હકીકત પુરવાર કરી શકેલ ન હોઈ ત.ક.અમલદાર કે જેઓ પોલીસના માણસ છે અને હિત ધરાવનાર સાહેદ છે તેઓની જુબાની પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. વધુમાં ફરીયાદ પક્ષના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી બળ પ્રાપ્ત થતુ નથી. તે સંજોગોમાં નામ. સર્વોચ્ચ અદાલતના ચુકાદા **''AZEEZ V/S. STATE OF KERALA 2013 (0) GLHEL- S.C. 52570''** માં પ્રતિપાદીત થયેલ સિધ્ધાંત મુજબ જયારે કેસ અન્ય સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય ત્યારે માત્ર ત.ક.અમલદારની જુબાનીના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૧૧) આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો, કેસનું રેકર્ડ પ્રોસીડીંગ્સ, પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો વગેરે લક્ષમાં લેતાં, ફરીયાદ પક્ષે કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવો રજુ કરેલ નથી. કહેવાતો મુદ્દામાલ પણ આરોપીના પોતાના કબજામાંથી મળી આવેલ હોય તેવો નિ:શંક પુરાવો ફરીયાદ પક્ષ રજુ થયેલા પુરાવાના આધારે શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ

નિવડેલ હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.ર પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**:: હુકમ ::**

**(૧)** આ કામના આરોપી નં.(૧).પ્રતિકભાઈ ઉર્ફે પકો ચંન્દ્રસીંગભાઈ વસાવા, રહે.કોચબાર નિશાળ,તા.નેત્રંગ,જી.ભરૂચવાળા નાઓને ક્રિ.પ્રો.કોડ ની કલમ-૨૪૮(૧)અન્વયે પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(એ),૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(ર)** ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) અન્વયે આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાંહેધરી માટે રૂા.૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન રજુ રાખવાના રહેશે.

**(૩)** આ કામે કબજે લીધેલ મુદ્દામાલ દારુનો અપીલ પિરીયડ વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૧૬,માહે.માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૬/૦૩/૨૦૨૬
મુ.નેત્રંગ

**(બી. આર.લખવાણી)**
જ્યુડી.મેજીસ્ટ્રેટ.ફ.ક., નેત્રંગ
(જજ કોડ નં. જીજે૦૧૭૧૧)

**//J.J.S.//**